મંગળવાર, 18 નવેમ્બર, 2025 કારતક વદ તેરસ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

મલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ

## વડોદરા સમા વિસ્તારમાં દારૂ વેચાણ સામે નાગરિકોની ઉગ્ર રજૂઆત અને આક્રોશ

વડોદરા શહેરના સમા વિસ્તારમાં જવાનગર, રણછોડનગર અને નહેરુનગર તરફના માર્ગ પર વ્યાપક રીતે ચાલી રહેલા દેશી–વિદેશી દારૂના વેચાણ સામે સ્થાનિક નાગરિકો આજે પોલીસ કમિશનર પાસે ઉગ્ર રજૂઆત કરવા પહોંચ્યા હતા. મહિલાઓ સહિત રહેવાસીઓ બુટલેગરો તથા પીધેલા લોકોના ફોટા–પોસ્ટર લઈને પોલીસ ભવન ખાતે પોતાની વ્યથા રજૂ કરી હતી. રજુઆતકર્તા સંદીપ શર્માએ જણાવ્યું હતું કે વિસ્તારમાં નાના બાળકો સ્કૂલ માટે આવતા–જતા હોય છે અને ખુલ્લેઆમ દારૂનો વેપાર થવાથી અસુરક્ષાનું વાતાવરણ સર્જાયું છે. દારૂ વેચનારાઓ સામે બોલતાં ગાળાગાળી અને ધમકીની સ્થિતિ ઉભી થાય છે. વધુમાં પીધેલા લોકો છોકરીઓને હેરાન કરતા હોવાના આક્ષેપ પણ કરવામાં આવ્યા હતા. બીજા રહેવાસીઓએ કહ્યું હતું કે પોલીસે કાર્યવાહી કરે છે પરંતુ થોડા સમય માટે જ વ્યાપાર બંધ થાય છે અને ફરી એ જ પ્રવૃત્તિ શરૂ થઈ જાય છે. આથી મહિલાઓ, બાળકો અને વડીલોની અવર જવરમાં સતત અસુરક્ષાનું વાતાવરણ રહે છે.

સિમરન ચૌહાણે જણાવ્યું કે સંજયનગર વુડા મકાનોની પાછળ મોટા પાયે દેશી અને ઇંગ્લીશ દારૂ વહેંચાય છે. સ્થિતિ એટલી ખરાબ છે કે જો કોઈ ગંભીર બીમાર હોય અથવા મૃત્યુ જેવી ઇમરજન્સી આવી પડે તો એમ્બ્યુલન્સને ઘેર પહોંચવામાં પણ મુશ્કેલી પડે છે.

સ્થાનિકોએ કહ્યું કે દારૂના વેપારીઓને કોઈ ડર નથી અને જાહેર રસ્તાઓ પર પણ દારૂ પીધેલા લોકો ટ્રાફિકમાં અડચણ ઊભી કરે છે. નાગરિકોએ તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.




## વડોદરામાં ખોરાક શાખાની તપાસ, 20 એકમોની ચકાસણી

વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખાએ શહેરમાં ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આકસ્મિક તપાસો તેજ કરી છે. બે ફૂડ સેફ્ટી ટીમોએ અલકાપુરી, ન્યૂ સમા રોડ, ગોરવા, કારેલીબાગ, દાંડિયા બજાર અને પ્રતાપનગર સહિતના વિસ્તારોમાં કુલ 20 ખાદ્ય વ્યવસાય એકમોની ચકાસણી કરી હતી. આ દરમિયાન આટા, સીંગતેલ, મરચું પાવડર, સેવ, તુવેરદાળ અને પનીર ટિક્કા મસાલા સહિત 6 ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લઈને વડોદરા પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. ન્યૂ સમા રોડ પર આવેલી બોયઝ હોસ્ટેલ અને તેની કેન્ટીનમાંથી પણ વિશેષ તપાસ કરી નમૂનાઓ લેવામાં આવ્યા હતા. મહાનગરપાલિકા તરફથી જણાવાયું છે કે સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત ખોરાક નાગરિકોને મળી રહે તે માટે આવી આકસ્મિક તપાસો આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

## સમરસ હોસ્ટેલમાં ભેળસેળ અને ગંદકી સામે વિદ્યાર્થીઓનો હોબાળો

વડોદરાના સમા વિસ્તારમાં આવેલી સમરસ બોયઝ હોસ્ટેલમાં ભોજનની ગુણવત્તા, સ્વચ્છતા અને પાણીની અછત જેવા મુદ્દાઓને લઈને વિદ્યાર્થીઓએ મોડીરાત્રે ઉગ્ર હોબાળો મચાવ્યો હતો. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે રોટલી બનાવવા માટે નક્કી થયેલી કંપનીના ગુણવત્તાયુક્ત લોટના બદલે અજાણી કંપનીઓના લોટનો ઉપયોગ થતો હતો, જેના કારણે વિદ્યાર્થીઓ વારંવાર બીમાર પડતા હતા.

તેઓએ સૌથી ગંભીર આક્ષેપ સીંગતેલને લઈને કર્યો, જેમાં તેમની સામે એવા કિસ્સાઓ આવ્યા કે ડબ્બામાં પાણી અને જુદી કંપનીનું તેલ ભેળવીને રસોડામાં વપરાતું હતું. વિદ્યાર્થીઓએ દાવો કર્યો કે તેઓએ આવા બનાવો અનેકવાર રંગેહાથ જોયા હતા.

રસોડામાં ગંદકી, અપ્રિય દુર્ગંધ તથા સ્વચ્છતાના અભાવને લઈને પણ વિદ્યાર્થીઓ લાંબા સમયથી પરેશાન હતા. આ ઉપરાંત હોસ્ટેલના ટોયલેટ અને બાથરૂમમાં પાણી ન આવવાથી તેઓને દૈનિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

ગઈ રાત્રે માલસામાન લઈને આવેલા ટેમ્પો ચાલકને વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછતાં કોઈ જવાબદાર હાજર ન હોઈ વિદ્યાર્થીઓ વધુ ઉશ્કેરાયા હતા. કોન્ટ્રાક્ટરને ફોન કરવામાં આવતા વારંવાર ફોન કાપી દેવામાં આવ્યો હોવાનો પણ આરોપ લગાવ્યો.

હોબાળા પછી પાલિકા આરોગ્ય વિભાગની ટીમે તાત્કાલિક તપાસ શરૂ કરી અને અનેક ખાદ્ય વસ્તુઓના સેમ્પલ લઈને લેબોરેટરીમાં મોકલ્યાં છે.

## ભાવનગરમાં ફોરેસ્ટ અધિકારીની પત્ની-સંતાનોની લાશ મળી

ભાવનગરમાં ફોરેસ્ટ કોલોની નજીક હચમચાવી મુકે તેવી ઘટના સામે આવી છે. ફરજ બજાવતા ફોરેસ્ટ અધિકારીની પત્ની અને બે સંતાનોની દાટેલી લાશો નજીકના ખાડામાં મળી આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ત્રણેય 10 દિવસ પહેલા સુરત જવા નીકળ્યા બાદ ગુમ થયા હતા અને તેમના ગુમ થવાની જાણ પોલીસને કરવામાં આવી હતી.

લાશો મળતા પ્રાથમિક તબક્કે ત્રણેયની હત્યા કરી દાટી દેવાયા હોવાની પ્રબળ આશંકા વ્યક્ત થઈ રહી છે. ઘટનાની જાણ થતાં ભાવનગર પોલીસ તાત્કાલિક સ્થળે દોડી આવી હતી અને વિસ્તૃત તપાસ શરૂ કરી છે. ફોરેન્સિક ટીમ દ્વારા સ્થળ પરથી પુરાવા એકત્ર કરાઈ રહ્યા છે ભાવનગર એસપી નિતેશ પાંડેએ જણાવ્યું કે ત્રણેયના મૃત્યુના કારણો તેમજ સમગ્ર ઘટનાક્રમની સઘન તપાસ ચાલી રહી છે. પ્રાથમિક શંકા હેઠળ ACF (Assistant Conservator of Forest) શૈલેષ ખાંભલાને પૂછપરછના દાયરામાં રાખવામાં આવ્યા છે. હજી સુધી કોઈ નિષ્કર્ષ પર પહોંચવામાં આવ્યું નથી અને તપાસના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## વરણામા નજીક ખાડામાં એક્ટીવા પલટીથી યુવાનનું મોત

વડોદરાના વરણામા ગામની સીમમાં નેશનલ હાઇવે નં. 48 પર કે.પી.જી.યુ. કોલેજ સામે બનેલી અકસ્માતની ઘટનામાં એક યુવાનનું મોત અને એકને ગંભીર ઇજા પહોંચી છે. હોન્ડા એક્ટીવા (GJ-06-SL-4865) પર ત્રણ જણા સવાર હતા ત્યારે રોડ ખાડામાં વાહન પડતાં ચાલકનો નિયંત્રણ છૂટી જતાં એક્ટીવા પલટી ગઈ હતી. અકસ્માતમાં જીગરભાઇ કમલેશભાઇ પાટણવાડીયા ગંભીર રીતે ઘાયલ થયા હતા. સાથે બેઠેલા આશિકભાઇ અરવિંદભાઇ પાટણવાડીયા ને માથામાં ગંભીર ઇજા થતાં તેમને હોસ્પિટલ ખસેડાયા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ઘટનાએ હાઇવેની દયનીય હાલત અંગે સ્થાનિકોમાં ફરી અસંતોષ ફેલાયો છે.

## સાવલી નજીક બોલેરોની ટક્કરે બાઈક સવાર ગંભીર રીતે ઘાયલ

સાવલી વિસ્તારમાં બનેલી માર્ગ અકસ્માતની ઘટનામાં એક બાઈક સવારને ગંભીર ઇજા પહોંચી છે. આપવામાં આવેલી વિગતો મુજબ, મહેન્દ્રા બોલેરો (GJ-06-KH-6254) નો ચાલક બેફિકરાઇથી અને વધુ ઝડપે વાહન હંકારી રહ્યો હતો ત્યારે તેની ગાડી નવઘણભાઇ ચાલતી મોંસા સાથે સામેથી અથડાઈ હતી. આ અચાનક થયેલી ટક્કરમાં નવઘણભાઇને જમણા પગે સાથળના ભાગે ગંભીર ઇજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. દાઢીના ભાગે પણ સામાન્ય ઇજાઓ નોંધાઈ છે. ઘટનાએ વિસ્તારમાં માર્ગ સલામતી અને બેદરકારીથી થતા અકસ્માતોના મુદ્દે ફરી ચર્ચા જગાવી છે.

## વડોદરા બાપોદ પોલીસએ ચાર આરોપીઓને ઝડપથી કર્યા કાબૂ

વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં GEBના કર્મચારીને પોતાની ફરજ દરમિયાન અવરોધ પહોંચાડવામાં આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. ઘટનાને ગંભીરતાથી લઈને બાપોદ ટીમે તપાસ શરૂ કરી હતી. સંબંધિત ચાર વ્યક્તિઓની ઓળખ કરી તેમને ગણતરીના કલાકોમાં કાબૂમાં લેવામાં આવ્યા છે. કર્મચારી વિજ સેવા સંબંધિત કામગીરી માટે પહોંચ્યો ત્યારે સ્થાનિક સ્તરે વિવાદ સર્જાયું હતું. જાહેર સેવાઓમાં અવરોધ ઉભો કરવો કાયદેસર ગુનો ગણાતો હોવાથી તમામ સામે જરૂરી કાર્યવાહી હાથ ધરી આગળની તપાસ ચાલુ રાખવામાં આવી છે.

## દિલ્હી વિસ્ફોટ બાદ વડોદરા એરપોર્ટ પર સુરક્ષા વધારવા સંયુક્ત કવાયત



દિલ્હીમાં થયેલા તાજેતરના વિસ્ફોટ પછી દેશભરમાં સુરક્ષા વ્યવસ્થા કડક બનાવાઈ છે. તેના ભાગરૂપે વડોદરા એરપોર્ટ પર મહત્વપૂર્ણ સુરક્ષા એજન્સીઓની સંયુક્ત બેઠક યોજાઈ હતી. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા, CISF, ભારતીય વાયુસેના, રાજ્ય સુરક્ષા દળો અને એરપોર્ટ હિસ્સેદારોની હાજરીમાં એરપોર્ટ સુરક્ષા મજબૂત બનાવવા ચર્ચા થઈ હતી. કવાયત દરમિયાન એરપોર્ટ ડિરેક્ટર અને અન્ય અધિકારીઓએ વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વધારાની સતર્કતા રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ત્યારબાદ એરપોર્ટ પરિસર અને આસપાસના વિસ્તારોનું વ્યાપક સુરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ટીમોએ સુરક્ષા પ્રોટોકોલની સમીક્ષા કરી તેમજ આવનારા દિવસોમાં વધુ મજબૂત વ્યવસ્થા અમલમાં મૂકવા માર્ગદર્શિકા નક્કી કરી. સહભાગી એજન્સીઓએ એક સ્વરમાં કહ્યું કે એરપોર્ટ સ્ટાફ અને કર્મચારીઓ સતત સતર્ક રહે તે જરૂરી છે, જેથી કોઈ અનિચ્છનીય ઘટના સમયે પહેલા અટકાવી શકાય.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ગાય કે બકરી—કયું દૂધ વધુ આરોગ્યપ્રદ પસંદગી?

દૂધ શતાબ્દીઓથી માનવ આહારનો અભિન્ન ભાગ રહ્યું છે. કેલ્શિયમ, પ્રોટીન અને વિટામિન Dથી સમૃદ્ધ દૂધ હાડકાં તથા સ્નાયુ વિકાસ માટે જરૂરી છે. ગાય અને બકરીના દૂધ વચ્ચે પૌષ્ટિક તફાવતોને કારણે બંનેના સ્વાસ્થ્યપ્રભાવ જુદા છે. યુએસડીએ અનુસાર બકરીનું દૂધ મેગ્નેશિયમ, વિટામિન A અને મધ્યમ-ચેઇન ફેટી એસિડમાં સમૃદ્ધ છે, જે તેને પચવામાં સરળ બનાવે છે અને એલર્જીનું જોખમ ઓછું કરે છે.

ગાયનું દૂધ વિટામિન B12, પોટેશિયમ અને પ્રોટીનનો સંતુલિત સ્ત્રોત માનવામાં આવે છે, જે હાડકાં અને ઊર્જા માટે ઉત્તમ છે. અભ્યાસો જણાવે છે કે બકરીના દૂધમાં લેક્ટોઝ ઓછું હોય છે, જેથી સંવેદનશીલ વ્યક્તિઓ માટે તે યોગ્ય વિકલ્પ બની શકે છે. આયુર્વેદ મુજબ ગાયનું દૂધ સાત્વિક છે, જ્યારે બકરીનું દૂધ હળવું અને શીતળ અસરકારક છે. આખરે બંને પૌષ્ટિક છે અને પસંદગી વ્યક્તિની સ્વાસ્થ્ય આવશ્યકતા પર આધારિત રહેવી જોઈએ.

# રાજકોટમાં સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે એકતા રેલી

દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશમાં યોજાતી ઉજવણીના ભાગરૂપે રાજકોટ શહેરના 69 વિધાનસભા વિસ્તારમાં ભવ્ય એકતા પદયાત્રાનું આયોજન બહુમાળી ભવન ચોક ખાતે આવેલ સરદાર પટેલના સ્ટેચ્યુ પરથી કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત રંગારંગ સાંસ્કૃતિક રજૂઆતો સાથે થઈ હતી. મહાનુભાવો દ્વારા સરદાર પટેલને ફૂલહાર અર્પિત કરી 'એકતા'નો શપથ લેવાયો હતો. મેયર નયનાબેન પેઢડીયાએ પોતાના સંબોધનમાં સરદાર પટેલની દુરંદેશી, રાષ્ટ્રપ્રેમ અને સંગઠનશક્તિ પરથી પ્રેરણા લઈને દેશને વિકસિત બનાવવા સૌને કાર્યરત થવાની અપીલ કરી. ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે સરદાર પટેલના ઐતિહાસિક યોગદાનને યાદ કરતાં તમામ નાગરિકોને રાષ્ટ્રની સર્વોચ્ચ એકતાને પ્રથમ સ્થાન આપવાનું સંદેશ આપ્યું. સાથે જ પ્રશાંત કોરાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રેરક વિચારો અને રાષ્ટ્રનિર્માણ માટેના પ્રયાસોની નોંધ લીધી.

પદયાત્રામાં ધારાસભ્યો ઉદયભાઈ કાનગડ, રમેશભાઈ ટીલાળા, સાંસદ રામભાઈ મોકરીયા તથા અન્ય પૂર્વ ધારાસભ્યો અને અગ્રણીઓ જોડાયા. યુનિટી ફ્લેગ દર્શાવી રેલીને પ્રસ્થાન મળ્યું. મોટા પ્રમાણમાં શાળાના વિદ્યાર્થીઓ, સામાજિક સંસ્થાઓ અને નગરજનો સ્વયંસ્ફૂર્ત રીતે જોડાયા હતા.

સમગ્ર રૂટ પર વિવિધ સંસ્થાઓ દ્વારા પદયાત્રાનું ભવ્ય સ્વાગત કરાયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો અને દેશભક્તિના નારા સાથે શહેરમાં ઉત્સાહી માહોલ જોવા મળ્યો. આ કાર્યક્રમને સફળ બનાવવા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગ અને




યુવા—રમતગમત વિભાગે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

**રાજકોટમાં સરદાર પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય એકતા પદયાત્રા, મહાનુભાવો અને નગરજનોની વિશાળ ઉપસ્થિતિ સાથે યોજાઈ.**

## રાજકોટમાં સેલિબ્રિટીઓની ધમાકેદાર હાજરીથી શહેર ઝળહળ્યું



રાજકોટમાં છેલ્લા એક સપ્તાહથી બોલીવુડ અને ક્રિકેટર સેલિબ્રિટીઓની સતત અવરજવર શહેરમાં ખાસ ચર્ચાનો વિષય બની છે. શહેરના મોંઘેરા લગ્ન સમારોહોમાં મલાઈકા અરોરા, સોનુ નિગમ, નુસરત ભરૂચા અને ક્રિષ્ના અભિષેક જેવા કલાકારોએ હાજરી આપીને ધમાકેદાર પરફોર્મન્સ આપ્યા હતા. એરપોર્ટ અને હોટેલોમાં ફિલ્મી અને ક્રિકેટ સ્ટાર્સને જોવા ચાહકો ઉમટી પડ્યા હતા.

આ ઉપરાંત, ભેસાણ નજીક પાટવડ ખાતે અંબાણી પરિવારના ખાસ કાર્યક્રમ માટે દીપિકા પાદુકોણ, રણવીર સિંહ, આલિયા ભટ્ટ, રણબીર કપૂર, આમિર ખાન, એ.આર. રહેમાન, શ્રેયા ઘોષાલ, મહેન્દ્રસિંહ ધોની અને સચિન તેંડુલકર સહિત લગભગ 85 સેલિબ્રિટીઓ બે દિવસ સુધી રોકાયા હતા.

રાજકોટના વૈશ્નાની અને આદ્રોજા પરિવારના લગ્નોમાં પણ બોલીવુડ સ્ટાર્સે હાજરી આપી હતી. વિવિધ કાર્યક્રમો અને પરફોર્મન્સને કારણે શહેર આખું ફિલ્મી ચમકથી ઝળહળી ઊઠ્યું હતું. સેલિબ્રિટીઓના સતત આગમનથી નગરજનોમાં અલગ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે, અને આ સપ્તાહ રાજકોટ માટે યાદગાર બની ગયું છે.

## રાજકોટમાં ભાગવત સપ્તાહ કાર્યાલયના શુભારંભની તૈયારી

રાજકોટમાં સર્વજ્ઞાતિ પિતૃના મોક્ષાર્થે અને તથાસ્તુ વિદ્યાપીઠના લાભાર્થે ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ સપ્તાહ 27 માર્ચથી 2 એપ્રિલ 2026 સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. આ આયોજન માટેના કાર્યાલયનો શુભારંભ આજે 17 નવેમ્બર 2026ના રોજ સવારે 10 વાગ્યે સટ્ટાબજાર, દાણાપીઠ ખાતે શ્રી જીગ્નેશ દાદા 'રાધે-રાધે'ના હસ્તે થશે. કાર્યાલયના શુભારંભ બાદ જીગ્નેશ દાદા પ્રેસમીટને સંબોધશે. આયોજક પરિવારે તમામ મીડિયાકર્મીઓને પ્રેસમીટમાં હાજર રહેવા વિનંતી કરી છે.

## મુખ્યમંત્રીના કાર્યક્રમ બદલાતા મનપાના કાર્યક્રમ મુલતવી

રાજકોટ મહાનગરપાલિકાના સ્થાપના દિવસ નિમિત્તે 19 નવેમ્બરે નક્કી કરાયેલા અનેક લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમોમાં ફેરફાર થવાની શક્યતા ઊભી થઈ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો કાર્યક્રમ બદલાતા તેઓ હવે 21 અથવા 22 નવેમ્બરે રાજકોટ મુલાકાતે આવશે એવી પ્રાથમિક જાણકારી મળી છે. મનપાએ 500 કરોડના વિકાસ કાર્યોના લોકાર્પણની તૈયારી રાખી હતી, તેમજ આર્ટ ગેલેરીમાં ખાસ ચિત્ર પ્રદર્શન પણ ગોઠવાયું હતું. મુખ્યમંત્રીની તારીખ બદલાતા તમામ કાર્યક્રમો હવે શુક્રવાર અથવા શનિવારે યોજાવાની શક્યતા છે. સીએમઓ તરફથી સત્તાવાર તારીખ પ્રાપ્ત થયા બાદ અંતિમ વ્યવસ્થા નક્કી થશે.

## રાજકોટમાં માર્ગ કાર્યની ગુણવત્તા તપાસવા અધિકારીઓ ફિલ્ડમાં

રાજકોટ સહિત મહાનગરોમાં ચાલુ માર્ગ—ડામર કામની ગુણવત્તા પર રાજ્ય સરકારે ખાસ મોનીટરીંગના આદેશ આપ્યા બાદ અધિકારીઓ અને ચૂંટાયેલા પદાધિકારીઓ ફિલ્ડમાં ઉતર્યા છે. તાજેતરમાં વોર્ડ નં. 2માં હનુમાન મઢીથી રેસકોર્સ રીંગ રોડ અને રહેણાંક શેરીઓમાં ચાલી રહેલા ડામર કામની મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો. દર્શિતા શાહ, ડેપ્યુટી મેયર અને અધિકારીઓએ મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. ઇજનેરો પાસેથી વિગતો મેળવી ગુણવત્તા જાળવવા તથા કામ સમયસાર પૂર્ણ કરવા સૂચનાઓ આપવામાં આવી.

## રાજકોટમાં સરદાર પટેલ જન્મજયંતિની ભવ્ય પદયાત્રા

રાજકોટ શહેરના 69 વિધાનસભા વિસ્તારમાં સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે જિલ્લા સ્તરની ભવ્ય પદયાત્રાનું આયોજન બહુમાળી ભવન ચોક ખાતે સરદાર પટેલના સ્ટેચ્યુ પાસેથી કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત સરદાર પટેલને ફૂલહાર અર્પણ કરી 'એકતા'ના શપથ સાથે થઈ.

મેયર નયનાબેન પેઢડીયાએ સરદાર પટેલના દુરંદેશી નેતૃત્વ અને રાષ્ટ્રપ્રેમને યાદ કરતાં નગરજનોને સ્વચ્છ અને વિકસિત શહેર નિર્માણ માટે એકજૂટ થવાની અપીલ કરી. ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે એકતા દ્વારા રાષ્ટ્રને સર્વોપરી બનાવવા સૌને સંકલ્પિત થવાનું કહ્યું.

રેલીમાં સરદાર પટેલ, મહાત્મા ગાંધી અને સ્વાતંત્ર્યસેનાનીઓના વેશમાં સજ્જ વિદ્યાર્થીઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. માર્ગમાં વિવિધ સંસ્થાઓ દ્વારા પદયાત્રીઓનું સ્વાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થયું. કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્યો, અગ્રણીઓ, શાળા—કોલેજોના વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. આયોજનમાં વહીવટી તંત્ર, મહાનગરપાલિકા, રમતગમત—સાંસ્કૃતિક વિભાગ અને અન્ય વિભાગોનું સહકાર મળ્યો.

**અહેવાલ: હાર્દિક ચંદારાણા**




## ભાવનગરમાં ACF પરિવાર હત્યા કેસનો ચોંકાવનારો ખુલાસો

ભાવનગરમાં ફોરેસ્ટ વિભાગમાં ACF તરીકે ફરજ બજાવતા શૈલેષ ખાંભલાના પત્ની અને બે સંતાનો 5 નવેમ્બરે ગુમ થયા બાદ મળેલા મૃતદેહોના મામલામાં ચોંકાવનાર ખુલાસો થયો છે. 16 નવેમ્બરે તેમના ક્વાર્ટરથી માત્ર 20 ફૂટ દૂર ખાડામાંથી ત્રણેયના મૃતદેહ મળ્યા હતા. પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે આ હત્યા શૈલેષે જ ઘરકંકાસના કારણે કરી હતી.

શૈલેષે 7 નવેમ્બરે પરિવાર ગુમ થયાની પોલીસને જાણ કરી હતી, પરંતુ તપાસમાં જાણવા મળ્યું કે તેણે 2 નવેમ્બરે જ ક્વાર્ટરની નજીક મોટો ખાડો ખોદાવી અને માટી મંગાવી હત્યાનું પૂર્વનિયોજન કર્યું હતું. ત્યારબાદ 5 થી 6 નવેમ્બરના પત્ની, પુત્ર અને પુત્રીની હત્યા કરી દાટી દીધા હતા.

પોલીસને પત્નીના ફોનમાં મળેલા ડ્રાફ્ટ મેસેજ અને ભાષાના મેળ ન પડતા શૈલેષ ઉપર શંકા ગઈ અને આખો કેસ ઉકેલાયો. શૈલેષને રેન્જ IG ઓફિસમાં વિગતવાર પૂછપરછ માટે લવાયો હતો. ભાવનગર જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેએ જણાવ્યું કે આરોપીની અટક બાદ 14 દિવસના રિમાન્ડ માટે કોર્ટમાં રજૂઆત કરવામાં આવશે, કારણ કે હત્યાની તૈયારીથી લઈ દફનાવવાની પ્રક્રિયા સુધીના વધુ પુરાવા મેળવવાના બાકી છે. ભરતનગર પોલીસ સ્ટેશનમાં પુરાવા નષ્ટ કરવાના ગુનામાં શૈલેષ વિરુદ્ધ કેસ નોંધાયો છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## શિયાળામાં આમળાનું સેવન સ્વાસ્થ્ય માટે સુપર ફાયદાકારક

શિયાળાની ઠંડીમાં સ્વાસ્થ્ય જાળવવા માટે આમળા કુદરતી સુપરફૂડ તરીકે ખૂબ ફાયદાકારક છે. વિટામિન–Cથી ભરપૂર આ ફળ રોગપ્રતિકારક શક્તિ વધારી શરદી–ઉધરસ જેવી સામાન્ય ઋતુગત બીમારીઓ સામે રક્ષણ આપે છે. આમળામાં રહેલું ફાઈબર પાચન સુધારે છે, કબજિયાત ઓછું કરે છે અને આંતરડાની ગતિને સ્વસ્થ રાખે છે.

હૃદય માટે પણ આમળા લાભદાયી છે, કારણ કે તે ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે અને સારો કોલેસ્ટ્રોલ વધારવામાં મદદ કરે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે આમળાનું સેવન સહાયક માનવામાં આવે છે, કેમ કે તેમાં રહેલું ક્રોમિયમ રક્ત શર્કરાને નિયંત્રણમાં રાખે છે.

સૌંદર્યની દૃષ્ટિએ આમળા ત્વચાને ચમકદાર બનાવે છે અને વાળને મજબૂત કરે છે. રોજ એક આમળું લેવાથી આરોગ્ય અને સૌંદર્ય બંનેનું સંરક્ષણ સહજ રીતે શક્ય બને છે.

## વડોદરા કોંગ્રેસની ભ્રષ્ટાચાર અને નાગરિક સમસ્યાઓ સામે આક્રમક રજૂઆત

વડોદરા શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ઋત્વિજ જોષી અને મહાનગર પાલિકાના વિપક્ષ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુંભાઈ)ના નેતૃત્વમાં આજે મ્યુનિસિપલ કમિશનરને ત્રણ મુખ્ય મુદ્દાઓ અંગે આવેદનપત્ર આપવામાં આવ્યું. કોંગ્રેસના કોર્પોરેટરો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહી વિરોધ નોંધાવ્યો.

વોર્ડ 12માં હલકી ગુણવત્તાવાળા રોડ અંગે ઊઠેલા મુદ્દાઓના અનુસંધાનમાં માત્ર દંડ વસૂલવાની નીતિ પૂરતી નથી, તેવું કોંગ્રેસે જણાવ્યું હતું. કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવાની માંગ સાથે કાર્યકરોએ કમિશનર ઓફિસ બહાર કાળા ડામરથી 'BJP' લખીને પ્રતીકાત્મક વિરોધ દર્શાવ્યો હતો. શહેરમાં બનેલા તમામ રોડનું ભારત સ્ટાન્ડર્ડ મુજબ ટેસ્ટિંગ કરાવવાની માંગ પણ રાખવામાં આવી.

પીવાના ગંદા પાણીની સમસ્યા અંગે ઋત્વિજ જોષીએ કમિશનરના ટેબલ પર ગંદુ પાણી મૂકીને મુદ્દાની ગંભીરતા દર્શાવી હતી. તેમણે વોર્ડ 2માં કમળા અને કોલેરાના કેસ સામે આવ્યા છતાં તંત્ર અમલમાં ન ઉતરતું હોવાનું કહ્યું.

SIR વિસ્તારો અને તૂટેલી વસાહતોના નાગરિકોને મતાધિકાર મળવો જોઈએ તેવી માંગ સાથે કોંગ્રેસે ભ્રષ્ટાચાર અને બેદરકારી સામે તીવ્ર રજૂઆત કરી.



## સાવલી વિસ્તારમાં ટેમ્પામાંથી પ્રતિબંધિત દોરીનો મોટો જથ્થો ઝડપાયો




વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર દોરીના વેપાર સામે મહત્વપૂર્ણ કાર્યવાહી નોંધાઈ છે. કરચીયા ગામની સીમમાં ઔરા લાઇફકેર કંપની નજીક એક ટેમ્પોમાં ભરેલી પ્રતિબંધિત ચાઈનીઝ જેવી પ્લાસ્ટિક દોરીનો મોટો જથ્થો ઝડપાયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ 15 નવેમ્બર 2025ના રોજ સાવલી વિસ્તાર તરફ આવી રહેલા ટાટા ઇન્ટ્રા ટેમ્પો (નંબરમાં GJ-06-BV-4310) અંગે જાણકારી મળી હતી કે તે વગરના બિલના શંકાસ્પદ માલ સાથે સંકળાયેલો છે. ટેમ્પાને રોકીને કરવામાં આવેલી તપાસ દરમિયાન 2,700 બોબીન જેટલી પ્લાસ્ટિકની પ્રતિબંધિત દોરી મળી આવી હતી. આ દોરીનો બજારમૂલ્ય અંદાજે ₹12,06,000 ગણાય છે. વાહનની કિંમત સાથે કુલ મુદ્દામાલ ₹17,06,000 થતો હોવાનું જાણવા મળ્યું છે. તપાસ દરમિયાન રાજસ્થાનના ખાનાપરા નિવાસી બાદરૂ બાબુભાઈ મેડાને સ્થળ પરથી અટકાવવામાં આવ્યો.

પ્રતિબંધિત દોરીનો ઉપયોગ પતંગ ઉડાડવા વખતે અકસ્માતો અને જાનહાનિ સર્જાતી હોવાને કારણે આ પ્રકારના માલ પર નિયંત્રણ જરૂરી ગણાય છે. પ્રદેશમાં આવો માલ ગેરકાયદેસર રીતે આવતો હોવા અંગે અગાઉ પણ ચિંતા વ્યક્ત થઈ છે. આ ઘટનાની વિગતો સાથે સંબંધિત વિભાગો વધુ માહિતી એકત્ર કરી રહ્યા છે. માલની સ્રોત-વ્યવસ્થા, પુરવઠાની ચેઈન તથા અન્ય જોડાણો અંગે પણ તપાસ ચાલી રહી છે. સ્થાનિક સ્તરે આ કાર્યવાહીથી ગેરકાયદેસર પ્લાસ્ટિક દોરીના પ્રવાહ પર અંકુશ લાવવા મદદ મળશે એવી આશા વ્યક્ત થઈ છે.

## તાંદલજામાં દાંપત્ય કલહમાં પત્નીની કરૂણ હત્યા સામે આવી

વડોદરા તાંદલજા વિસ્તારમાં દાંપત્ય કલહનો અંત કરુણ હત્યામાં થયો છે. મહાબલીપુરમ સોસાયટીમાં રહેતી 23 વર્ષીય મિસ્બા શેખની તેના પતિ કાસિમ શેખ દ્વારા ગળું દબાવી મોત નિપજાવાયો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. દંપતી વચ્ચે છ મહિનાની બાળકીના જતનને લઈને વારંવાર કલહ થતો હતો અને ઘટનાના દિવસે ઉગ્ર બોલાચાલી વધી જતા પતિએ અતિરેક ગુસ્સામાં આવી આ પગલું ભર્યું હતું. મિસ્બાના મોતથી પરિવાર અને સમાજમાં શોક વ્યાપ્યો છે, જ્યારે બાળકી માતાના સાથ વિના રહી ગઈ છે.

## રાજકોટ એરપોર્ટથી બેંગ્લોર-કલકતા નવી ફ્લાઇટ સેવા શરૂ થશે

નાતાલની રજાઓ પૂર્વે રાજકોટ હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટની હવાઈ સેવાઓમાં વધારો થવાની શક્યતા છે. વિન્ટર શિડ્યુલ બાદ એરલાઈન્સ કંપનીઓએ બે નવી ફ્લાઇટ માટે તૈયારી શરૂ કરી છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા રોજિંદી બેંગ્લોર–રાજકોટ–બેંગ્લોર ફ્લાઇટ માટે સ્લોટ બુક કરાયા છે અને ટૂંક સમયમાં સેવા શરૂ થવાની સંભાવના છે. ઉપરાંત, ઈન્ડિગો એરલાઈન્સે રાજકોટથી સીધી કલકતા ફ્લાઇટ માટે સર્વે પૂર્ણ કર્યો છે. બપોર બાદની ડેઈલી રાજકોટ–કલકતા ફ્લાઇટ માટે એરપોર્ટ ઓથોરીટી પાસે સ્લોટ માગવાની પ્રક્રિયા ચાલી રહી છે.

**રિપોર્ટ: હાર્દિક ચંદારાણા**

## રાજકોટમાં શીતલહેરો વધ્યાં, તાપમાન ઝડપથી ગગડ્યું

સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી ઠંડીનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે, જેમાં રાજકોટમાં આજે મોડી સવારથી જ ઠંડા પવનના ઝોકા જોવા મળ્યા હતા. હવામાન વિભાગ મુજબ 14થી 15 કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર–પૂર્વના પવનો ફૂંકાતા શહેરમાં સવારે 10 વાગ્યા બાદથી જ શીતલહેરોનું જોર વધ્યું હતું.

ઠંડા પવનોના કારણે બપોરે પણ રહેવાસીઓને હિલ સ્ટેશન જેવી ઠંડીનો અનુભવ થયો. વિભાગની આગાહી પ્રમાણે આવનાર સપ્તાહ દરમિયાન પણ આ ઠંડા પવનો યથાવત રહેશે અને લઘુતમ તાપમાન વધુ ગગડશે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વિસ્તારોમાં તાપમાન 12થી 14 ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે.

## ગાંધીધામ આકાશમાં રહસ્યમય રોશની, ડ્રોન હોવાનો અંદાજ

કચ્છના ગાંધીધામમાં મધરાત્રે આકાશમાં સંખ્યાબંધ ચમકતી રોશની દેખાતા સ્થાનિકોમાં કુતુહલ ફેલાયું હતું. પક્ષીઓની હારમાળાની જેમ લાગતી આ રોશની ઘણા લોકોએ મોબાઇલમાં કેદ કરી હતી અને કચ્છી ભાષામાં તેને 'ડ્રોન' ગણાવ્યું, જોકે તેની વાસ્તવિકતા હજી જાણી શકાયી નથી.

ભુજ રિજનલ સાયન્સ સેન્ટરના ખગોળશાસ્ત્રી હેતભાઈ આહીરે જણાવ્યું કે દેખાયેલી રોશની સેટેલાઇટ અથવા ઉલ્કા હોવાની સંભાવના નહિવત્ છે. સેટેલાઇટ કતારમાં દેખાય અને ઉલ્કા સળગી જાય છે, તેથી આ કોઈ મોટા ડ્રોન શો અથવા પ્રેક્ટિસ ડ્રિલ હોય શકે છે.

આ દરમિયાન 21મીએ ભુજમાં ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં BSFનો કાર્યક્રમ યોજાવાનો છે, પરંતુ BSF અધિકારીઓએ જણાવ્યું કે આયોજન ભુજ પૂરતું સીમિત છે અને ગાંધીધામમાં કોઈ પ્રેક્ટિસની માહિતી નથી. આકાશમાં અગાઉ પણ સ્ટારલિંક સેટેલાઇટ અને તેજ રોશની દેખાઈ હોવા પાછળથી ફરી ઉભી થયેલી આ ચર્ચાએ લોકોને આશ્ચર્યમાં મૂક્યા છે.



## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ખોડલધામ ખાતે દર્શન

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ખોડલધામ, કાગવડ ખાતે મા ખોડલના દર્શનાર્થે પહોંચ્યા હતા, જ્યાં તેમને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. તેમણે ભાવપૂર્વક પૂજા-અર્ચના કરી રાજ્યના પ્રજાજનો અને ખાસ કરીને કમોસમી વરસાદથી હેરાન ખેડૂતોના કલ્યાણ માટે પ્રાર્થના કરી. સરકાર દ્વારા ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

સંઘવીએ જણાવ્યું કે ખોડલધામમાં રાષ્ટ્રશક્તિ અને ધર્મશક્તિ બંનેનો અનોખો સંગમ જોવા મળે છે. વૈદિક લગ્ન પ્રથા મધ્યમ અને સામાન્ય વર્ગ માટે ઉપયોગી બની છે, જેના માટે નરેશભાઈ પટેલ અને ટ્રસ્ટની કામગીરીની પ્રશંસા કરી હતી. મુલાકાત દરમિયાન તેમણે દર્શનાર્થીઓ સાથે મળીને ખબરઅંતર પણ પૂછ્યું.

આ પ્રસંગે ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિતના અગ્રણીઓ અને જિલ્લા કલેક્ટર, વિકાસ અધિકારી તથા વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા.

**અહેવાલ: હાર્દિક ચંદારાણા**



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## પાદરા માર્કેટમાં અજાણ્યા ચોરે વેપારીનો મોબાઇલ ઉપાડી ફરાર

પાદરાની સરદાર પટેલ શાકભાજી હોલસેલ માર્કેટમાં મોબાઇલ ચોરીની ઘટના સામે આવી છે. રોજની જેમ માર્કેટમાં ખરીદી–વેચાણનું કામ ચાલી રહ્યું હતું ત્યારે ભીડનો લાભ લઈ અજાણ્યા ચોરે ફરીયાદીના શર્ટના ખિસ્સામાંથી તેમનો SAMSUNG GALAXY M36 5G મોબાઇલ ઉપાડી લીધો હતો. રૂ. 15,499 કિંમતનો આ ફોન સીમ કાર્ડ અને IMEI નંબર સહિત ખિસ્સામાં જ રાખેલો હતો, જેને ચોરે ક્ષણિક તક મેળવી ચોરી કરી લીધી હોવાનું પ્રાથમિક વિગતોમાં જાણવા મળે છે.

હોલસેલ માર્કેટમાં રોજ મોટી સંખ્યામાં વેપારીઓ અને ખરીદદારો આવતા હોવાથી પિક–પોકેટિંગ અને થેફ્ટ જેવી ઘટનાઓ બનતી રહેવાની ચર્ચાઓ વેપારીઓમાં ફરી ગરમાઈ છે. સ્થાનિક વેપારી વર્ગે માર્કેટમાં વધુ CCTV કવરેજ, સુરક્ષા કર્મચારીઓ અને મોનીટરીંગ સિસ્ટમ મજબૂત કરવાની જરૂરિયાત વ્યક્ત કરી છે.

## પાલીતાણામાં નગરપાલિકા વિરુદ્ધ કોંગ્રેસનું ઉપવાસ આંદોલન

પાલીતાણા: શહેરમાં વધતી નાગરિક સમસ્યાઓ અને નગરપાલિકાના ભાજપ શાસનની બેદરકારી સામે કોંગ્રેસ દ્વારા પ્રતિક ઉપવાસ આંદોલનનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના અનેક વિસ્તારોમાં ગટર ઉભરાવવાની સમસ્યા ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે, જેના કારણે સ્થાનિકોને ભારે અસુવિધા થઈ રહી છે. વધતી ગંદકી અને કચરાના ઢગલાઓથી શહેરની સ્વચ્છતા પ્રણાલીમાં ખામી સ્પષ્ટ જોવા મળે છે.

દૂષિત અને ગંદું પીવાનું પાણી સપ્લાય થવાથી નાગરિકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી છે. લોકો વારંવાર ફરિયાદો કરવા છતાં સમસ્યાઓનું નિરાકરણ ન આવતા નાગરિકોમાં આક્રોશ વ્યાપી રહ્યો છે. સાથે જ શહેરના મુખ્ય માર્ગો પર ખાડાઓ અને ખરાબ રસ્તાની સ્થિતિ મુસાફરીને જોખમી બનાવી રહી છે.

આ તમામ મુદ્દાઓને લઈને શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિએ સંયુક્ત રીતે એક દિવસના



પ્રતિક ઉપવાસ અને ધરણાંનું આયોજન કર્યું છે. સવારે 9 વાગ્યાથી સાંજે 5 વાગ્યા સુધી ચાલનારી આ ચિંતન અને વિરોધ સભામાં નગરજનોને જોડાવા માટે અપીલ કરવામાં આવી છે. કોંગ્રેસના આગેવાનો—જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રવીણભાઈ રાઠોડ, શહેર કોંગ્રેસ પ્રમુખ ઓમદેવસિંહ સરવૈયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ મુન્નાભાઈ કામળીયા, નગરપાલિકા વિપક્ષ નેતા કિરીટ સાગઠીયા અને તાલુકા પંચાયત વિપક્ષ નેતા જેરામભાઈ રાઠોડ—એ જણાવ્યું કે નગરપાલિકાના નિષ્ફળ શાસન સામે આ અવાજ નાગરિકોના હિત અને શહેરના હકારાત્મક વિકાસ માટે ઉઠાવવામાં આવી રહ્યો છે. નાગરિકોની લાંબા સમયથી ચાલતી સમસ્યાઓના નિવારણ માટે હવે તંત્ર જવાબદારી લે તેવો માગ ઉઠી રહ્યો છે.

## યોગરાજ સિંહનો જીવનનો મોટો આઘાત ખુલાસો



પૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહના પિતા અને અભિનેતા યોગરાજ સિંહે તાજેતરમાં એક ઇન્ટરવ્યૂ દરમ્યાન પોતાની વ્યક્તિગત જિંદગી વિશે ભાવનાત્મક ખુલાસા કર્યા. તેમણે સ્વીકાર્યું કે આજે તેઓ સંપૂર્ણપણે એકલા રહે છે અને તેમના માટે ખાવા સુધી કોઈની મદદ પર નિર્ભર રહેવું પડે છે. યોગરાજે પોતાની પહેલી પત્ની શબનમ કૌર અને દીકરા યુવરાજ સિંહના ઘર છોડીને જવાને જિંદગીનો સૌથી મોટો આઘાત ગણાવ્યો. વિન્ટેજ સ્ટુડિયોને આપેલા આ ઇન્ટરવ્યૂમાં યોગરાજ સિંહે કહ્યું કે તેઓ હવે જીંદગીમાં કંઈ નહીં ઇચ્છતા અને મૃત્યુ માટે પણ તૈયાર છે. તેમણે જણાવ્યું કે ક્રિકેટ અને સિનેમાની દોડભીડમાં અનેક નિર્ણયો લીધા, પરંતુ અંતે જીવન ફરી એ જ સ્થાન પર આવી ઊભું રહ્યું છે, જ્યાંથી બધું શરૂ થયું હતું. યુવરાજ અને તેની માતા દ્વારા છોડાઈ જવાને તેમણે સૌથી મોટું દુખ ગણાવવામાં આવ્યું. યોગરાજે બીજી વખત લગ્ન કર્યા બાદ થયેલા બે બાળકો પણ અમેરિકા ચાલ્યા ગયા હોવાનું જણાવ્યું. અંતે તેમણે સ્વીકાર્યું કે જીવનમાં ઘણું પ્રાપ્ત કર્યા છતાં અંતે સરવાળો "શૂન્ય" જેવો લાગે છે.

## ISIS કાવતરા કેસમાં ત્રણ આતંકી કસ્ટડીમાં

ગુજરાત ATS દ્વારા ઝડપાયેલા ISISના ત્રણેય આતંકીઓને રિમાન્ડ પૂર્ણ થતાં આજે ગાંધીનગર જિલ્લાકોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ થયો. પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે ત્રણેય આરોપીઓ દેશમાં મોટો હુમલો કરવાની તૈયારીમાં હતા અને હથિયારો એકત્ર કરી રહ્યા હતા. ઝડપાયેલા ત્રણે ISKPથી પ્રભાવિત હતા અને ગોપનિય રીતે હુમલાની યોજના બનાવી રહ્યા હતા. કેસની ગંભીરતા ધ્યાનમાં લઈ સંબંધિત એજન્સીઓ વધુ તપાસ આગળ ધપાવી રહી છે.

## વડોદરા: રણોલીમાં નિ:શુલ્ક કેમ્પ અને રક્તદાન શિબિર યોજાઈ

વડોદરા જિલ્લાના રણોલી ખાતે દિપક ગોપાલભાઈ રબારી દ્વારા વિશાળ નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન સફળતાપૂર્વક થયું. સવારે 8 થી 12 વાગ્યા સુધી ચાલેલા આ કેમ્પમાં સેંકડો ગ્રામજનોએ વિનામૂલ્યે તબીબી તપાસ, નિદાન, સલાહ અને જરૂરી દવાઓ મેળવી. સાથે જ રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુવાનો અને ગ્રામજનો ઉત્સાહપૂર્વક જોડાયા. આરોગ્ય જાગૃતિ વધારવાના હેતુથી યોજાયેલા આ કેમ્પને સ્થાનિકોએ વખાણી અને ભવિષ્યમાં વધુ આવા ઉપક્રમોની માંગ વ્યક્ત કરી.

## વડોદરામાં પ્રોહીબિશન કાર્યવાહી દરમ્યાન કુલ 22 કેસ નોંધાયા

વડોદરા શહેરમાં 15 નવેમ્બર 2025ના રોજ વિવિધ વિસ્તારોમાં પ્રોહીબિશન સંબંધિત કુલ 22 કેસ નોંધાયા છે. કાર્યવાહી દરમિયાન 49 લિટર દેશી દારૂ (કિંમત રૂ. 9,800) સાથે 28 ક્વાર્ટર અને 211 ઇંગ્લિશ દારૂની બોટલ્સ (કિંમત રૂ. 2,19,584) સહિતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો. કુલ 16 વ્યક્તિઓને અટકમાં લેવામાં આવ્યા, જેમાં 14 વ્યક્તિઓ નશાની હાલતમાં હોવાનો ખુલાસો થયો. શહેરમાં દારૂની ગેરકાયદેસર હિલચાલ વધતા સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ છે અને કડક નિયંત્રણની જરૂરિયાત અનુભવાઈ રહી છે.


## દાહોદ મુણધા ગામની આંગણવાડીમાં ભ્રષ્ટાચારના આક્ષેપ

દાહોદ જિલ્લાના ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના મુણધા ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્રમાં ગંભીર અનિયમિતતા અને ભ્રષ્ટાચારના આક્ષેપો સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ આંગણવાડીમાં નાના બાળકોની જગ્યાએ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને બેસાડી સરકારશ્રીના નિયમોની ખુલ્લેઆમ અવગણના થઈ રહી છે. વધુમાં, આ બાળકોની ખોટી હાજરીઓ દાખવી સરકાર તરફથી મળતા નાણાંનો ગેરઉપયોગ થતો હોવાનો આરોપ પણ ઉઠ્યો છે.

ગામજનો પાસેથી મળેલી માહિતી અનુસાર આંગણવાડી કેન્દ્રની મંજૂરી ભેદી ફળિયાનું હોવા છતાં કેન્દ્રનું બાંધકામ ભાભોર ફળિયામાં કરવામાં આવ્યું છે. જેના કારણે ભેદી ફળિયાના લાભાર્થીઓને સરકારની કોઈ પણ સુવિધાનો લાભ મળતો નથી. કેન્દ્રની કાર્યકર પલાસ મનીષાબેન શૈલેષભાઈ ભાભોરની નિમણૂક બાદથી ભેદી ફળિયાનાં બાળકોને કોઈપણ મદદ કે આંગણવાડી લાભ મળ્યો નથી, તેમ ગામજનો જણાવે છે. બાળકોને કેન્દ્રમાં બોલાવવામાં આવતું નથી અને અન્ય ફળિયાનાં બાળકોને જ લાભ અપાતા હોવાનું પણ સામે આવ્યું છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે કાર્યકર દ્વારા લાભાર્થીઓ સાથે ગેરવર્તણૂક થાય છે અને આ મુદ્દે અનેકવાર ફરિયાદ છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. હાલ મોટો પ્રશ્ન એ છે કે સંબંધિત અધિકારીઓ આ અનિયમિતતાઓ પર શું પગલા લે છે?

આ સમગ્ર મુદ્દાએ તાલુકા સ્તરે આંગણવાડી વ્યવસ્થાની કાર્યપદ્ધતિ અને દેખરેખ અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે. ગામજનો આશા રાખે છે કે તંત્ર જાગશે અને વાસ્તવિક લાભાર્થીઓને ન્યાય મળશે.

**રિપોર્ટ: ધર્મેન્દ્ર બારીયા**



## આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે બાઇક સવારને ઈજા

વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં 4 નવેમ્બર 2025ના રોજ આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે અકસ્માત બન્યો હતો. આશરે 11:30 થી 12:00 વચ્ચે ફોર વ્હીલર (GJ-04-EA-0193) ઝડપી ગતિ અને બેદરકાર રીતે ચલાવાતા તે હોન્ડા એવીયટર (GJ-06-MQ-1411) સાથે અથડાઈ હતી. અકસ્માતમાં બાઇક સવાર કમલેશ નારાયણદાસ ખટવાણીને શરીરે બેઠો માર તથા જમણા ખભા પાસે ગંભીર ઈજા પહોંચતાં ફ્રેક્ચર થયું. ઘટનાની બાદ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. વધતાં વાહન અકસ્માતોને લઈને સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે અને સાવચેતીપૂર્વક ડ્રાઇવિંગની અપીલ થઈ છે.

## સસ્તા ગોલ્ડના બહાને લાખોની છેતરપિંડીનો ભંડાફોડ

વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં સસ્તા ભાવે ગોલ્ડ અપાવવાના બહાને લાખોની છેતરપિંડીનો કેસ સામે આવ્યો છે. ફરિયાદી શિવમ રાજેન્દ્ર ટોકરકરે જણાવ્યું કે ફેબ્રુઆરી 2025માં આરોપી જીતેન્દ્રસિંહ રાજપૂરોહિતે તેમને વિશ્વાસમાં લઇ રૂ. 43,46,500ની રકમ મેળવી હતી. ગોલ્ડ ન મળતા ફરિયાદીએ રકમ પરત માંગતા આરોપીએ માત્ર રૂ. 12 લાખ પરત કર્યા, જ્યારે બાકીના રૂ. 31,46,500 પરત ન આપતા વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ભંડાફોડ થયો. મોટી રકમનો સમાવેશ થતા આ કેસ ચર્ચાનો વિષય બન્યો છે અને નાગરિકોએ સાવચેતી રાખવાની અપીલ કરી.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ધારુકાવાળા કોલેજમાં સ્પીચ દરમિયાન યુવતી બેભાન થઈ મોત

સુરતમાં અચાનક બેભાન થયા બાદ થતા મોતના બનાવોમાં વધારો વચ્ચે કાપોદ્રા વિસ્તારમાં આવેલી ધારુકાવાળા કોલેજમાં વધુ એક ઘટના બની છે. અમદાવાદના રાયપુરમાં રહેતી 24 વર્ષીય જીલબેન સુરેશભાઈ ઠક્કર સેમિનારમાં મંચ પર સ્પીચ આપી રહી હતી ત્યારે અચાનક ચક્કર આવી જતાં પડી ગઈ હતી. તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન મૃત જાહેર કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ જીલબેન IT કંપનીમાં કામ કરતી હતી અને કંપનીના કેમ્પ માટે અમદાવાદથી સુરત આવી હતી. પોસ્ટમોર્ટમ બાદ મોતનું સાચું કારણ જાણવા સેમ્પલો લેવામાં આવ્યા છે, જ્યારે પ્રાથમિક તપાસમાં હાર્ટ એટેકની શક્યતા માનવામાં આવી રહી છે. સુરતમાં આવા અચાનક બેભાન થઈ જતા મોતના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, જેને કારણે નાગરિકોમાં ચિંતા જોવા મળે છે.

## શેખ હસીનાને ફાંસીની સજા: બાંગ્લાદેશમાં મોટો ચુકાદો

બાંગ્લાદેશની પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને ઢાકાની ઇન્ટરનેશનલ ક્રાઇમ્સ ટ્રિબ્યુનલએ સોમવારે મોતની સજા સંભળાવી છે. જુલાઈ 2024ના વિદ્યાર્થી આંદોલન દરમિયાન થયેલી અનેક હત્યાઓમાં તેમને માસ્ટરમાઈન્ડ ગણાવી બે ગુનાઓમાં ફાંસી અને ત્રણમાં ઉમરકેદની સજા નક્કી કરવામાં આવી. કેસની સુનાવણી દરમિયાન બીજા આરોપી અને પૂર્વ ગૃહમંત્રી અસદુજ્જમાન ખાનને પણ 12 લોકોની હત્યાના દોષી ઠેરવી ફાંસીની સજા દેવામાં આવી. ત્રીજા આરોપી અને પૂર્વ આઈજીપી અબ્દુલ્લા અલ-મમૂનને 5 વર્ષની સજા સંભળાવવામાં આવી છે. મમૂન હિરાસતમાં છે અને તેઓ સરકારે ગવાહ તરીકે સ્વીકાર્યા છે.

કોર્ટના આદેશ અનુસાર હસીના અને અસદુજ્જમાનની સંપત્તિ જપ્ત કરવામાં આવશે. સજા બાદ યુનુસ સરકારે ભારતને અપીલ કરી છે કે બે દેશો વચ્ચેની પ્રત્યાર્પણ સંધિ મુજબ હસીનાને બાંગ્લાદેશના હવાલે



કરવી ભારતની જવાબદારી છે. ઉલ્લેખનીય છે કે હસીનાને સજા સંભળાવનાર ટ્રિબ્યુનલની સ્થાપના 2010માં તેમણે જ કરી હતી, જે 1971ના વોર ક્રાઇમ્સની તપાસ માટે રચાયું હતું.

## સાવરકુંડલામાં માનવસેવા ટ્રસ્ટનું ઐતિહાસિક સેવાકાર્ય



અમરેલી (સમીર ખોખર): અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં સબકા માલિક એક માનવસેવા ટ્રસ્ટ દ્વારા માનવતાને સમર્પિત વિશાળ સેવાકાર્યનું આયોજન થયું. ઠંડીના મોસમની શરૂઆત સાથે જ ટ્રસ્ટના પ્રમુખ પિન્ટુભાઈ મલેકના માર્ગદર્શન હેઠળ ગરીબ અને જરૂરિયાતમંદ લોકો માટે 5000થી વધુ ગરમ ધાબળાનો વિતરણ કાર્યક્રમ યોજાયો. અઢારે વરણના લાભાર્થીઓને સમાન રીતે સહાય પહોંચાડવામાં આવી.

કાર્યક્રમમાં હાજર મહેમાનો અને જરૂરિયાતમંદો માટે બટુક ભોજનની વ્યવસ્થા રાખવામાં આવી, જ્યાં સૌએ સાથે બેસીને ભોજન ગ્રહણ કર્યું. આ સેવાકાર્યે તમામ ધર્મોની એકતા અને સૌહાર્દનો સુંદર સંદેશ આપ્યો. સાધુ-સંતો, સૈયદ-સાદાત, ફકીર સમાજના આગેવાનો તેમજ વિવિધ રાજકીય અને સામાજિક પ્રતિનિધિઓની હાજરીએ કાર્યક્રમને વિશેષ મહિમા મળ્યો.

માનવ મંદિર આશ્રમના પૂ. ભક્તિરામ બાપુ અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ટ્રસ્ટની ટીમને અભિનંદન પાઠવી આ સેવાકાર્યને સમાજ માટે પ્રેરક ગણાવ્યું.

## વડોદરામાં ગાંજાની હેરાફેરી રોકવા પોલીસે બે ઝડપ્યા

વડોદરા: શહેરના પાણીગેટ વિસ્તારમાં ગાંજાની હેરાફેરીનો એક નોંધપાત્ર કેસ બહાર આવ્યો છે, જેમાં યુવાનો દ્વારા નશીલા પદાર્થોની ડિલિવરી કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. પ્રાપ્ત માહિતી મુજબ પાણીગેટ વિસ્તારમાં આવેલ આયુર્વેદિક કોલેજની બાજુમાં મેલડી માતાના મંદિર આગળ બે યુવાનો સુઝુકી બર્ગમેન મોપેડમાં ગાંજાનો જથ્થો રાખીને ડિલિવરી માટે ઊભા હોવાનું જાણવા મળ્યું હતું. બાતમીના આધારે સ્થળ પર કાર્યવાહી કરવામાં આવી હતી, જ્યાં બે યુવાન — ધનરાજ શૈલેષભાઈ રાણા (ઉંમર 22, વાડી-ભાટવાડા) અને પ્રિન્સ ઇન્દ્રેશકુમાર પાસી (ઉંમર 19, ગાજરવાડી) — ઝડપાયા હતા.

તપાસ દરમિયાન બંનેની પાસેથી 1 કિલો 929 ગ્રામ જેટલો વનસ્પતિજન્ય ગાંજાનો જથ્થો મળ્યો, જેની બજાર કિંમત અંદાજે ₹96,450 જેટલી થાય છે. સાથે જ તેઓની પાસેથી ₹70,000 કિંમતની મોપેડ અને ₹10,000 કિંમતના બે મોબાઇલ ફોન મળી કુલ ₹1,76,450નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

આ બનાવને આધારે NDPS એક્ટની કલમ 8(c), 20(b)(ii)(b) અને 29 હેઠળ ગુનો નોંધાયો છે. વધુ તપાસ દરમિયાન અક્ષીત નરેશભાઈ મિસ્ત્રી નામનો એક વધુ શખ્સ આ ગેરકાયદે પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોવાની માહિતી સામે આવી છે, જેને પકડવા માટે પ્રયાસો ચાલુ છે.

આ ઘટનાએ શહેરમાં નશીલા પદાર્થોની છુપાયેલી હેરાફેરી અંગે ફરી ચિંતા ઊભી કરી છે અને આવા કેસોને રોકવા માટે સઘન કાર્યવાહી કરવાની જરૂરિયાતને રેખાંકિત કરી છે.




## ફતેહગંજમાં પાર્ક કરેલી હોન્ડા શાઇન મોટરસાઇકલની ચોરી

વડોદરાના ફતેહગંજ વિસ્તારમાં મોટરસાઇકલ ચોરીનો કેસ નોંધાયો છે. ભુષણ સાસો દત્તાત્રય બોરલેની ફરિયાદ મુજબ 14 નવેમ્બરથી 15 નવેમ્બર 2025ની વચ્ચે ફતેહગંજ બ્રીજ નીચે પોસ્ટ ઓફિસની સામે પાર્ક કરેલી તેમની કાળી રંગની હોન્ડા શાઇન (રજી. નં. MH 19 BS 6436) ચોરી થઈ હતી. અંદાજીત કિંમત રૂ. 10,000ની બાઈક અજાણ્યા ચોરે ડુપ્લિકેટ ચાવી કે તાળું તોડીને લઈ જવામાં આવી હોવાનું અનુમાન છે. ઘટનાસંદર્ભે ગુનો નોંધાઈ વધુ તપાસ હાથ ધરાઈ છે.

## આજવા રોડ પર યુવક પર હુમલો અને ધમકી કેસ

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં યુવક પર હુમલો અને ધમકીનો કેસ સામે આવ્યો છે. હર્ષ કૃષ્ણકુમાર રાઠોડે ફરિયાદ નોંધાવી છે કે કમલાનગર તળાવ પાસે તેમની મિત્રની બહેનને હેરાન કરતાં ત્રણ વ્યક્તિઓ—ક્રિષ્ણા, રવી અને એક અજાણ્યો—સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આરોપીઓએ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બુલેટમાંથી લોખંડનો સળીયો કાઢી હર્ષના માથામાં મારવામાં આવ્યો હતો, જ્યારે વચ્ચે પડેલા હર્ષિત મકવાણાને કડા વડે ઇજા પહોંચાડાઈ હતી. મામલે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

## ગોત્રી વિસ્તારમાં ગાળાગાળી અને મારપીટનો કેસ નોંધાયો

વડોદરાના ગોત્રી વિસ્તારમાં ગાળાગાળી અને મારપીટનો એક કેસ સામે આવ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ બી/50 કર્મજ્યોત સોસાયટીમાં રહેતા દિનેશચંદ્ર રામગોપાલ અગ્રવાલે ફરિયાદ નોંધાવી છે કે 25 ઑક્ટોબર 2025ની રાત્રે આશરે 8:30 વાગ્યે ચાર વ્યક્તિઓ—હરીભાઈ બદ્રીપ્રસાદ અગ્રવાલ, મુકેશભાઈ બનવારીલાલ અગ્રવાલ, શૈલેશભાઈ ઉર્ફે પિન્ટુ કૈલાસચંદ્ર અગ્રવાલ અને અમીત હરીભાઈ અગ્રવાલ—એ તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી અને ગાલ પર લાફો મારી હેરાનગતિ કરી હતી. આ બનાવને પગલે સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાયો છે અને મામલે વધુ તપાસ ચાલુ .

## વડોદરામાં દારૂના ૩૫ કેસોમાં મુદ્દામાલ જપ્ત થયો

વડોદરા: શહેરમાં 16 નવેમ્બર 2025ના રોજ પ્રોહીબિશન સંકળાયેલા કુલ 35 કેસો સામે આવ્યા છે. જુદી જુદી વિસ્તારોમાંથી દારૂની મોટી માત્રામાં જપ્તી કરવામાં આવી છે. જેમાં દેશી દારૂની 23 લીટર કિંમત રૂ. 4,600 જેટલી, તેમજ ઇંગ્લીશ દારૂ, ક્વાર્ટરિયા અને બીયરના ટીન સહિત કુલ 879 બોટલનો જથ્થો મળી કુલ રૂ. 2,86,320નો મુદ્દામાલ મેળવાયો છે. ઉપરાંત એક મોબાઇલ ફોન પણ કબ્જે કરવામાં આવ્યો છે. પીધેલા ચાર સહિત કુલ 35 ઇસમોને આગળની કાર્યવાહી માટે અટકાવવામાં આવ્યા છે.

## વડોદરામાં દારૂના ૩૫ કેસોમાં મુદ્દામાલ જપ્ત થયો

રાજકોટના નાગેશ્વર વિસ્તારમાં દાંપત્ય વિવાદ લોહીયાળ બનેલા બનાવમાં પતિ-પત્ની બંનેના મોત થયા છે. કાકી અને ભત્રીજા વચ્ચેના સંબંધને કારણે ચાલતા મતભેદ વચ્ચે પત્ની અલગ રહી રહી હતી. પતિ વારંવાર તેને ઘરે પરત લાવવા પ્રયત્ન કરી રહ્યો હતો. દરમિયાન બિલ્ડિંગના પરિસરમાં થયેલા ઝઘડામાં પતિએ પરવાના ધરાવતી રિવોલ્વરથી પત્નીને ગોળી મારી અને બાદમાં આત્મહત્યા કરી લીધી હતી. પતિનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે ગંભીર રીતે ઘાયલ પત્ની પણ સારવાર દરમ્યાન મોતને ભેટી હતી. બનાવને પગલે 20 વર્ષીય દીકરો માતા-પિતાની છત્રછાયા ગુમાવતાં શોકમાં છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫